જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૫/૦૧/૨૦૨૪** **શુક્રવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૩/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૪ કેસ કરી, ૫૭ વ્યક્તિઓને ઝડપી, ૩૨૫ લીટર દેશી દારૂ, ૧૩ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૬ બિયર ટીન અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી, ૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૦,૦૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૪/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૨૫/૨૦૨૪

**સાયબર ક્રાઈમઃ** બેલાબહેન ડો/ઓ ઠાકોરલાલ પટેલ (ઉ.વ.૬૨) (રહે. જ્ઞાનકુંજ કોલોની સેંટ ઝેવિયર્સ કોલેજ સામે નવરંગપુરા) એ તા.૦૪/૦૧/૨૦૨૪ ના રોજ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૧૨/૨૦૨૩ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન ઇન્ટરનેટના માધ્યમથી મોબાઈલ નંબર ૯૯૫૮૨૨૩૧૭૧ ના ધારકે પ્રથમ ટેક્સ મેસેજ કરેલ તેમા Your light connection will be disconnect 9:30 pm, bill was not update call officer ૮૧૨૫૧૬૯૫૩૪ મુજબ મેસેજ કરી તેમજ કોલ કરી વોટસએપ નંબર ૯૭૭૦૬૬૨૬૮૦ પરથી વિડીયો કોલ કરી વોટસએપ સ્કિન સેરીંગમાંથી બેલા પટેલના મોબાઇલ ફોનનુ એકસેસ મેળવી ટોરેન્ટ પાવર વીજ ઓફિસર તરીકેની ખોટી ઓળખ આપી બેલા પટેલને વિશ્વાસમાં લઇ બેલા પટેલના બેંક ખાતામાંથી રૂપિયા ૩૦,૦૦૦/- ટ્રાન્સફર કરી લઈ તેમજ ક્રેડીટકાર્ડમાંથી રૂપિયા ૫,૨૫,૦૦૦/- તથા રૂપિયા ૪૭,૦૦૦/- પર્શનલ લોન એપ્રુવ કરાવી તે લોન પાસ કરાવી અન્ય બેંકમાં ટ્રાન્સફર કરાવી લઈ કુલ રૂપિયા ૬,૦૨,૦૦૦/- મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.એન.ભુકણ ચલાવે છે.

**કાલુપુરઃ** હિંમતભાઇ કાનજીભાઇ કપોપરા (ઉ.વ.૫૩) (રહે. દિપમંગલ એપાર્ટમેન્ટ ગંગોત્રી પાર્ક પાસે નિકોલ-નરોડા રોડ નિકોલ) એ તા.૦૪/૦૧/૨૦૨૪ ના રોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે ઓક્ટોબર/૨૦૨૦ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) પારસભાઇ ઉર્ફે જે.પી. (૨) વિપુલભાઇ પાઘડાળ અને (૩) ધર્મેશભાઇ શ્રી સાવરી પેઢીના ભાગીદારો (ઠે. દુકાન નં.૪૬, બી.બી.સી.માર્કેટ પાંચકુવા કાલુપુર અમદાવાદ) એ ભેગા મળી હિંમતભાઇ કપોપરા તથા હિંમતભાઇ કપોપરાના બે મિત્રોને વિશ્વાસમાં લઈ કાલુપુર પાંચકુવા, બી.બી.સી. માર્કેટમાં આવેલ દુકાન નં.૪૬ ખાતે સાડીઓના માલ પર જોબવર્ક કરાવી તેના રૂપિયા સમયમર્યાદામાં ચુકવી આપવાનો વિશ્વાસ અને ભરોસો આપી જોબવર્કના રૂપિયા ૨૯,૩૬,૦૦૮/- નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આઈ.બી.ગામીત ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૬/૨૦૨૪**

**ચાંદખેડાઃ** પ્રભુદાસ અંબાલાલ પરમાર (ઉ.વ.૬૮) (રહે. ન્યુ ચામુંડા સોસાયતી જગતપુર રોડ ચાંદખેડા રેલવે સ્ટેશન પાસે જગતપુર ચાંદખેડા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૧/૨૦૨૪ બપોરના ૩/૦૦ થી સાંજના ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૩૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૯૧,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી.વી.જી.ડાભી ચલાવે છે.

**સોનાની ચેઇન ઝુટવી લઇ ગયાઃ-** **સમાચાર યાદી નં.૨૭/૨૦૨૪**

**મણીનગરઃ** પાયલબહેન હાર્દિકભાઇ શાહ (ઉ.વ.૩૯) (રહે. ન્યુ જશપાર્ક સોસાયટી અંબિકા ટેનામેન્ટ સામે ઇસનપુર) તા.૩૧/૧૨/૨૦૨૩ બપોરના ૩/૪૫ વાગ્યાના સુમારે મણીનગર રેલ્વે ક્રોસિંગ પાસે આવેલ સ્વામિનારાયણ મંદિરના પાછળના ભાગે બાલકષ્ણની હવેલી નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ પાયલબહેન શાહના ગળામાંથી સોનાની ચેઇન પેડલ સાથે કિમત રૂપિયા ૫૦,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ પાયલબહેન શાહ એ તા.૦૪/૦૧/૨૦૨૪ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી. એસ.આઇ.પટેલ ચલાવે છે.

**ટ્રેઈનની અડફેટેમાં આવી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૮/૨૦૨૪**

**આનંદનગરઃ** સવિતાબહેન કાન્તીલાલ કલાલ (ઉ.વ.૫૨) (રહે.ત્રિલોચન એપાર્ટમેન્ટ વૈજનાથ મહાદેવ મંદિર પાસે વેજલપુર) તા.૦૪/૦૧/૨૦૨૪ સવારના ૭/૦૦ વાગ્યાના સુમારે વસ્ત્રાપુર અને સરખેજ રેલવે સ્ટેશન વચ્ચે રેલવે કીમી ૨૦ નજીક રેલવે પાટા ક્રોસ કરતાં હતા દરમ્યાન ટ્રેઈનની અડફેટમાં આવી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એ.સી.ઝાલા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૯/૨૦૨૪**

**અમરાઇવાડીઃ** શૈલેષભાઇ અભાભાઇ વાઘેલા (ઉ.વ.૨૩) (રહે. આસોપાલવનગર અશ્વમેઘ સ્કુલ સામે અંબિકા હોટલ રોડ અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૧/૨૦૨૪ બપોરના ૧/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગજેન્દ્રસિંહ વિક્રમસિંહ ચલાવે છે.

**ઈસનપુરઃ** ક્રેયા ડો/ઓ હિરેનભાઈ શાહ (ઉ.વ.૧૬) (રહે. પાયલ એપાર્ટમેન્ટ લક્ષ્મી કોલોની આવકાર હોલ પાસે ઘોડાસર) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૧/૨૦૨૪ કલાક ૧૧/૪૫ થી કલાક ૧૨/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઈસનપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એ.વાઘેલા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી